

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-46 ■ તા. 13-11-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## હિમાચલ પ્રદેશમાં ૬૮ વિધાનસભા બેઠકોનું કડક બંદોબસ્ત વચ્ચે મતદાન સંપન્ન થયું



શિમલા,તા.૧૨

હિમાચલની ૬૮ બેઠકો માટે આજે સવારે કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન થયું હતું. મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું મંડીમાં સૌથી વધુ અને લાહૌલ સ્પીતિમાં સૌથી ઓછું મતદાન થયું હતું. એકદરે ૬૮ બેઠકો માટે ૬૬ ટકા જેટલું મતદાન થયું હતું. બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૭.૧૯% મતદાન નોંધાયું છે. આ પહેલા સવારના ૩ કલાકોમાં (સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી) ૧૮% મતદાન થયું હતું. ચૂંટણી અધિકારીઓનું કહેવું છે કે ઠંડી અને હિમવર્ષાની અસર મતદાન પર જોવા મળી હતી આથી મતદાન ગત વખત કરતા ઓછું મતદાન થયું છે.મતદારોએ ૪૧૨ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કર્યા છે.

જો કે બપોરે મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક સ્થળે લોકોએ બરફ પર ચાલીને વોટ આપવા પહોંચ્યા હતાં તો વિશ્વના સૌથી ઊંચા મતદાન મથક તાશિગાંગ પર પણ મતદાન થયું હતું. હિમાચલ પ્રદેશની ચુરાહ વિધાનસભા સીટ પર ૧૦૫ વર્ષીય મતદાતા નરો દેવીએ પોતાનો મત આપ્યો છે.મંડી જિલ્લાની સેરાજ વિધાનસભા બેઠક પર સીએમ જયરામ ઠાકુર અને તેમના પરિવારે મતદાન કર્યું હતું ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ હિમાચલ પ્રદેશના વિજયપુરમાં મતદાન કર્યું હતું કોંગ્રેસના સાંસદ આનંદ શર્માએ શિમલામાં સૈનિક રેસ્ટ હાઉસ લોંગવુડ પોલિંગ બૂથ પર પોતાનો મત આપ્યો. મતદાન કર્યા બાદ આનંદ શર્માએ કહ્યું કે જનતાનો મૂડ બદલાવ લાવવાનો છે. હિમાચલમાં કોંગ્રેસ પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે તેમના પરિવાર સાથે હમીરપુર જિલ્લાની સુજાનપુર બેઠક પર મતદાન કર્યું હતું. આ ઉપરાંત યુવાનો, મહિલાઓ અને વૃધ્ધોએ પણ મતદાનમાં ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. પ્રથમવાર મતદાન કરનાર મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.લાહૌલ-સ્પીતિના જહલમન મતદાન મથકની મહિલાઓએ પરંપરાગત પોશાક પહેરીને મતદાન કર્યું હતું જો કે કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હતાં હતુમીરપુર જિલ્લાના નાદૌન વિધાનસભા ક્ષેત્રના પખરોલ મતદાન મથક પર ઈવીએમ મશીન બગડ્યું હતું જેથી થોડીવાર માટે મતદાન બંધ કરવામાં આવ્યું હતું લગભગ ૪૦ મિનિટથી મતદાન અટક્યું હતું અને મતદારો લાઈનમાં ઉભા રહીને મતદાન ફરી ચાલુ થાય તેની રાહ જોઈ રહ્યા હતાં ચંબા જિલ્લાના પાંગીના પુરથી મતદાન મથક પર સવારે આઠ વાગ્યે ઈવીએમ મશીનમાં ખરાબીની ફરિયાદ મળી હતી. મતદાન એક કલાક મોડું શરૂ થયું હતું.કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે તેમના પરિવાર સાથે હમીરપુર જિલ્લાની સુજાનપુર બેઠક પર મતદાન કર્યું હતું.વિશ્વના સૌથી ઊંચા મતદાન મથક તાશિગાંગમાં આ વખતે મતદારોએ ઈતિહાસ રચ્યો છે. તાશિગાંગ મતદાન મથકમાં ૧૦૦ ટકા મતદાન થયું છે. આ કેન્દ્રમાં પર મતદારોએ મતદાન કરવાનું હતું. તમામ પર મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરીને અજાયબી કરી બતાવી છે.

શિમલામાં ૬૫.૬૬, સોલનમાં ૬૮.૪૮, બિલાસપુરમાં ૬૫.૭૨, મંડી ૬૬.૭૫, હમીરપુર ૬૪.૭૪, ઉના ૬૭.૬૭, કાંગડા ૬૩.૯૫, ચંબા ૬૩.૦૯, કુલ્લુ ૬૪.૫૯, લાહૌલ-સ્પીતિમાં ૬૫.૭૫ ટકા અને ૫૨.૫૦ કલાક સુધી ૬૫ ટકા મતદાન નોંધાયું હતું.

સોલન જિલ્લાના દૂનમાં વિલનવલી બૂથ ૮૨-૮૩ પર મતદારોએ નિરીક્ષકની સામે સૂત્રોચ્ચાર કર્યા. મતદારોએ આક્ષેપ કર્યો હતો કે અહીં ઈફ્સ મશીન ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. સવારના આઠ વાગ્યાથી લોકો ઉભા છે અને બપોરે એક વાગ્યા સુધી નંબર આવ્યો નથી. કુનિહારની કોઠી પંચાયતના નમહોલ બૂથ પર લોકોએ આવો જ આક્ષેપ કર્યો હતો.

ચૂંટણી પંચે મતદાન શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થાય તે માટે ખાસ તૈયારીઓ કરી હતી અને ૧૫,૨૫૬ ફૂટની ઊંચાઈએ મતદાન મથક પણ બનાવ્યું હતું .હિમાચલ કોંગ્રેસ મતદાનની વચ્ચે ચૂંટણી પંચ સુધી પહોંચી છે. તેમણે ફરિયાદ કરી હતી કે ભાજપના આઈટી સેલ દ્વારા ફેક સર્વે રિપોર્ટ સર્ક્યુલેટ કરવામાં આવ્યો છે. જે આચારસંહિતાનો ભંગ છે. ભાજપ વોટિંગને હાઈજેક કરવાનો પ્રયાસ કરી રહી છે. આ ઉપરાંત પ્રભારી રાજીવ શુક્લા વતી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નામે લખેલો નકલી પત્ર પણ વાયરલ કરવાનો આરોપ લગાવાયા છે. જેમાં ભાજપને વધુ અને કોંગ્રેસને ઓછી બેઠકો મળશે તેવું લખવામાં આવ્યું છે.

## ઈરફાન પઠાણે પાકિસ્તાની પીએમને ઈટનો જવાબ પથ્થરથી આપ્યો,: તમારા અને અમારામાં આ જ ફરક છે. અમે અમારી ખુશીમાં ખુશ છીએ અને તમે બીજાની સમસ્યાઓથી ખુશ છો

નવીદિલ્હી,તા.૧૨

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ની બીજી સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ૧૦ વિકેટે હાર્યા બાદ પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે ભારત પર નિશાન સાધ્યું હતું. ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૧૬૮ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે એકપણ વિકેટ ગુમાવ્યા વિના માત્ર ૧૬ ઓવરમાં મેચ જીતી લીધી હતી. આ પહેલા પાકિસ્તાને પ્રથમ સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૭ વિકેટે હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી હતી.

ભારતની હાર બાદ શહેબાઝ શરીફે ટ્વિટર પર લખ્યું - આ રવિવારે ૧૫૨/૦ VS ૧૭૦/૦ રહેશે. ઈંગ્લેન્ડ પહેલા ભારત પણ પાકિસ્તાન સામે ૧૦ વિકેટે હારી ગયું હતું. ૨૦૨૧ ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમ દુબઈના મેદાન પર પાકિસ્તાન સાથે ટક્કર થઈ હતી. તે વખતે પાકિસ્તાને ૧૫૨ રન બનાવીને ૧૦ વિકેટે મેચ જીતી લીધી હતી.શાહબાઝ શરીફના આ ટ્વીટનો ભારતીય ટીમના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે જવાબ આપ્યો છે. પઠાણે કોમેન્ટમાં લખ્યું- તમારા અને અમારામાં આ જ ફરક છે. અમે અમારી ખુશીમાં ખુશ છીએ અને તમે બીજાની સમસ્યાઓથી ખુશ છો. તેથી જ પોતાના દેશને સુધારવા પર ધ્યાન નથી.

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ની ફાઈનલ મેચ રવિવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે. પાકિસ્તાને ૨૦૦૯માં અને ઈંગ્લેન્ડે ૨૦૧૦માં ૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. બંને ટીમો બીજી વખત ટૂર્નામેન્ટ જીતવા માટે લડત આપશે. બંને એક-એક વખત ફાઈનલ મેચ હારી ચૂક્યા છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન શાનદાર ટચમાં છે. બટલર અને એલેક્સ હેલ્સ સતત રન બનાવી રહ્યા છે. બીજી તરફ પાકિસ્તાન પાસે ટુર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ બોલિંગ લાઈન અપ છે. તેમની પાસે ચાર બોલર છે જે ૧૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરે છે. તેમની પાસે સ્પિન બોલિંગમાં પણ શબાદ ખાન છે.

## મોદી સત્તામાં આવ્યા બાદ સંઘ ચડ્ડીમાંથી પેન્ટમાં, તો સાઈકલમાંથી હેલિકોપ્ટર પર આવ્યો

### મોદીના કેન્દ્રમાં સત્તામાં આવ્યા બાદ ભાજપમાં સંઘનું પ્રભુત્વ ઘટ્યું છે

નવીદિલ્હી,તા.૧૨

૨૦૧૪ બાદ નરેન્દ્ર મોદી કેન્દ્રમાં સત્તામાં આવ્યા બાદ ભાજપમાં તો ફાઈવ સ્ટાર કલ્ચર વધ્યું છે સાથે સાથે ભારતીય જનતા પાર્ટીના માતૃ સંગઠન ગણાતા સંઘમાં પણ આ કલ્ચરે પગપેસારો કર્યો છે. હેડગેવારે ઈ.સ. ૧૯૨૫માં નાગપુરમાં સંઘની શરૂઆત કરી હતી. મોહન ભાગવત ૨૦૦૯થી આરએસએસના સરસંઘચાલક છે. સંઘમાં પરિવર્તન માત્ર સ્વયંસેવકોના પોશાક (ગણવેશ) સુધી સીમિત નથી, 'ખાખી ચડ્ડી'ની જગ્યા 'ફુલ પૅન્ટે' લઈ લીધી છે, અને હવે એનો રંગ ઘેરો બદામી થઈ ગયો છે, પરંતુ આ ઉપર ઉપરથી દેખાતો ફેરફાર છે, ઘણાં પરિવર્તનો બીજાં પણ થઈ રહ્યાં છે.

એક સમયે સાયકલ અને કારમાં ફરતા સંઘના પ્રચારકો હવે હેલિકોપ્ટરમાં ઉડાઉડ કરે છે અને દેશભરમાં પ્રચાર શાખાઓ ખોલી સંઘ પોતાનો વિસ્તાર કરી રહ્યો છે. ક્ષેત્રીય હોય, પ્રાદેશિક હોય કે રાષ્ટ્રીય, બીજેપીમાં દરેક સ્તરે એક-એક પદ જ હોય છે. સંગઠન મંત્રીના સ્તરે સંઘ પોતાના પ્રતિનિધિઓને ડેપ્યુટેશન પર મોકલે છે. તેઓ બીજેપીમાં સંઘની વિચારધારાનો અમલ કરાવે છે. આજે પણ ભાજપના નેતા બનવું હોય તો સંઘનો સિમ્બોલ હોવો જરૂરી છે.

મોદીના કેન્દ્રમાં સત્તામાં આવ્યા બાદ ભાજપમાં સંઘનું પ્રભુત્વ ઘટ્યું છે એનું કારણ મોદી પણ સારી રીતે જાણે છે કે આજના સમયમાં નાણા હોય તો નાથાલાલ થવાય નહીં તો તમે નાથિયો જ છો. એટલે એમને નાણાંની કોથળી ખુલ્લી રાખી છે એટલે ભાજપની સાથે સાથે સંઘનો પણ વિકાસ થઈ રહ્યો છે.

નરેન્દ્ર મોદી મૂળ પોતે સંઘી છે અને વર્ષોથી સંઘ સાથે જોડાયેલા છે. આજે એવું કહેવાય છે કે સંઘનો પ્રભાવ સરકાર સુધી હોય છે. પહેલાંના સંઘ અને આજના સંઘમાં દિવસ-રાતનો તફાવત છે. પહેલાં સંઘની શાખામાં લોકો સામેથી જોડાતા આજે ભાજપનો સહારો લેવો પડે છે. શિસ્ત અને સાદગીએ આજે વૈભવનું સ્થાન લીધું છે. સંઘ સાથે સંકળાયેલા કેટલાક નેતાઓ પણ ઠાઠમાઠમાં રહેતા હોવાથી મોદી પણ એમની મજબૂરી જાણી જઈ એમનો ઉપયોગ કરી રહ્યાં છે.

ગુજરાતમાં કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા અને દામજી પટેલ જેવા પ્રખર નેતાઓને લોકો સન્માનથી જોતા. કોંગ્રેસે જેમ ગાંધીજીની સાદગી ગુમાવી એમ મોહન ભાગવત સમયના સંઘે સાદગી અને કમિટમેન્ટ બંને ગુમાવ્યા છે. આજે સાદગીને બદલે સંઘમાં ફાઈવસ્ટાર કલ્ચર આવી ગયું છે, જે મોદીને આભારી છે. ભાજપ સત્તામાં આવ્યા પછીથી સંઘના આર્થિક સંસાધનોમાં વૃદ્ધિ થઈ છે કે નહીં, એ ચોક્કસપણે કહી શકાય એમ નથી, કેમ કે બીજાં બિન-સરકારી સંગઠનોની જેમ સંઘ એક રજિસ્ટર્ડ બૉડી નથી, બધી નોંધાયેલી સંસ્થાઓએ પોતાનાં રોજમેળ ખાતાંનો દર વર્ષે હિસાબ આપવાનો હોય છે, પરંતુ સંઘની બાબતમાં એવું નથી.

## ભારત જોડો યાત્રાને કારણે રાહુલ ગાંધી શિયાળુ સત્રમાં સામેલ નહીં થાય : જયરામ રમેશ

### કોંગ્રેસ જાતિ ગણતરીના મુદ્દે ૨૦૧૪થી તેના સ્ટેન્ડ પર અડગ છે. કોંગ્રેસ શિક્ષણ અને રોજગારમાં ઈડબ્લ્યુએસ માટે અનામતને સમર્થન આપે છે

નવીદિલ્હી,તા.૧૨

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી આ વખતે શિયાળુ સત્રમાં હાજરી આપી શકશે નહીં. કોંગ્રેસ પાર્ટીના કોમ્યુનિકેશન ઈન્ચાર્જ જયરામ રમેશે જણાવ્યું કે, રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા'ના કારણે શિયાળુ સત્રમાં ભાગ લઈ શકશે નહીં. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી સંસદના શિયાળુ સત્ર માટે 'ભારત જોડો યાત્રા' છોડી શકે નહીં. કોંગ્રેસ નેતાએ જાતિ ગણતરી અને અનામત અંગે પાર્ટીનું વલણ પણ સ્પષ્ટ કર્યું. સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે, જે ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે.

કોંગ્રેસ નેતાએ જાતિની વસ્તી ગણતરી અને અનામતના પ્રશ્ન પર કહ્યું કે કોંગ્રેસ જાતિ ગણતરીના મુદ્દે ૨૦૧૪થી તેના સ્ટેન્ડ પર અડગ છે. કોંગ્રેસ શિક્ષણ અને રોજગારમાં ઈડબ્લ્યુએસ માટે અનામતને સમર્થન આપે છે અને તે પણ જો SC/ST/OBCને આપવામાં આવેલા આરક્ષણમાં કોઈ ફેરફાર ન થાય તો. તેમણે કહ્યું કે કોંગ્રેસની માંગ છે કે કેન્દ્ર સરકાર વહેલી તકે જાતિ ગણતરી કરે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે જાતિ ગણતરીના આધારે જ આરક્ષણ યોગ્ય રીતે લાગુ કરી શકાય છે. જાતિની વસ્તી ગણતરી એ અનામતના અમલ માટેનો આધાર છે અને આ કિસ્સામાં તેનો ડેટા અદ્યતન રાખવો જોઈએ.

રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસની પદયાત્રા છેલ્લા ૬ દિવસથી મહારાષ્ટ્રમાં છે અને ત્યારબાદ તેમની યાત્રા મધ્યપ્રદેશમાં પ્રવેશ કરશે. પાર્ટીની ભારત જોડો યાત્રાનો આજે ૬૬મો દિવસ છે. ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થયેલી કોંગ્રેસ યાત્રા તેના ૧૫૦માં દિવસે જમ્મુ-કાશ્મીર પહોંચે તેવી શક્યતા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી ભારત જોડો યાત્રા મહારાષ્ટ્રમાં તેના છઠ્ઠા દિવસે શનિવારે સવારે હિંગોલી જિલ્લાના શેવલા ગામથી ફરી શરૂ થઈ છે.



કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે આ કૂચ આરતી ગામ, પારડી મોડ બસ સ્ટેન્ડ અને કલામનુરી જિલ્લા પરિષદ હાઈસ્કૂલના મેદાનમાંથી પસાર થશે અને કલામનુરીમાં શંકરરાવ સાતવ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં રાતોરાત રોકાશે. તમિલનાડુના કન્યાકુમારીથી શરૂ થયેલી આ યાત્રા અત્યાર સુધીમાં છ રાજ્યોના ૨૮ જિલ્લામાંથી પસાર થઈ છે. લગભગ ૧૫૦ દિવસની આ યાત્રા દરમિયાન ૩,૫૭૦ કિમીનું અંતર કાપવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરમાં સમાપ્ત થતા પહેલા તે ૧૨ રાજ્યોમાંથી પસાર થશે. પદયાત્રા દરમિયાન મહારાષ્ટ્રના પાંચ જિલ્લામાં ૩૮૨ કિલોમીટરનું અંતર કાપવામાં આવશે. તે ૨૦ નવેમ્બરે મધ્યપ્રદેશમાં પ્રવેશ કરશે.

## હું મહેસાણા છોડવાનો નથી, ઝઘડો કરીને ભાગી જાય તેવો ખેલાડી હું નહીં: નીતિન પટેલ

મહેસાણા,તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બે તબકાકની તારીખોની જાહેરાત પછી ભાજપ તેના ઉમેદવારોની જાહેરાત કરે તે પહેલાં નીતિન પટેલે પત્ર લખીને જાહેર કર્યું હતું કે હું ચૂંટણી લડવાનો નથી. હવે ભાજપે અત્યાર સુધીમાં ૧૬૬ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ચૂંટણી નહીં લડવાના નિર્ણયના ત્રણેક દિવસ પછી નીતિન પટેલે કમલમમાં કાર્યકરનો સંબોધતા હુંકાર કર્યો હતો કે હું કોઇ પણ સંજોગોમાં મહેસાણા છોડવાનો નથી. લડાઈ-ઝગડા કરીને ભાગી જાય તેવો આ ખેલાડી નથી. એ રાજકારણી જુદા.



નીતિન પટેલે આગળ કહ્યુ કે, તમને જાણીને નવાઈ લાગશે કે, હું પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડનો સભ્ય, એટલે ૩ દિવસ સુધી ૧૮૨ ઉમેદવારોના નામોની અમે ચર્ચા કરી હતી. એ પછી દિલ્હી રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડમાં ચર્ચા થાય તે પહેલાં જ મેં પત્ર લખીને કહ્યું હતું કે, હું ઉમેદવારી કરવાનો નથી.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યુ કે પછી તો ઘણા મિત્રો આગળ આવ્યા, તમે છાપામાં વાંચ્યું હશે કે ૮ જણાએ કહ્યું , ૯ જણાએ કહ્યું. પરંતુ શરૂઆત મેં કરી હતી પછી પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પત્ર લખીને જાણ કરી અને પછી તો લાઈન લાગી ગઈ હતી.

નીતિન પટેલે કહ્યુ કે, જેમને અભિપ્રાય આપવાનો અધિકાર હતો એવા ૯૦ ટકા કાર્યકરોએ મહેસાણા માટે મારો જ અભિપ્રાય આપ્યો હતો. નિરિક્ષકોએ પણ ઉપર રજૂઆત કરી હતી કે નીતિનભાઈને ટિકિટ આપવા માટે ૯૦ ટકા કાર્યકરોએ હકારાત્મક અભિપ્રાય આપ્યો છે. આમ છતા મેં જાહેરાત કરી હતી કે ગુજરાત વિધાનસભા ૨૦૨૨માં હું ઉમેદવારી કરવાનો નથી.નીતિન પટેલની જાહેરાત પછી વિજય રૂપાણી, ભૂપેન્દ્ર ચુડાસમા, પ્રદીપ સિંહ જાડેજા સહિતના અનેક નેતાઓના પત્ર જાહેર થયા હતા કે તેઓ આ વખતે ચૂંટણી લડવાના નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરે થવાનું છે અને તેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની ૮૯ બેઠકો પર ચૂંટણી થવાની છે. બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરે થશે અને તેમાં ૯૩ બેઠકો પર ચૂંટણી થશે.

## ન્યાયાધીશોની નિમણૂકમાં વિલંબને લઈને સુપ્રિમે સરકાર પ્રત્યે નારાજગી દર્શાવી

નવીદિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે ટોચની અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક માટે કોલેજિયમદ્વારા મોકલવામાં આવેલા નામો પર નિર્ણય ન લેવા બદલ કેન્દ્ર સરકાર સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે શુક્રવારે કહ્યું કે જજોની નિમણુંકમાં વીલંબ અસ્વીકાર્ય છે. ન્યાયાધીશ સંજય કિશન કૌલ અને અભય એસ ઓકાની બેન્ચે કહ્યું કે, ×નામો પર નિર્ણય ન લેવો એ લોકોને તેમની સંમતિ પાછી ખેંચવાની ફરજ પાડવાનો એક માર્ગ બની રહ્યો છે જેમના નામની ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે ભલામણ કરવામાં આવી છે.× બિનજરૂરી રીતે નામો પેન્ડિંગ રાખવા સ્વીકાર્ય નથી. બેન્ચે કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયના સચિવ (ન્યાય)ને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે.એડવોકેટ એસોસિએશન, બેંગલુરુ દ્વારા એડવોકેટ પાઈ અમિત દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂકમાં અસાધારણ વિલંબનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

તેમાં ૧૧ નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેની ભલામણ કરવામાં આવી હતી અને બાદમાં આ નામો ફરીથી મોકલવામાં આવ્યા છે. ×જો આપણે વિચારણા માટે પડતર કેસોની સ્થિતિ જોઈએ તો, સરકાર પાસે આવા ૧૧ કેસ પેન્ડિંગ છે જેને કોલેજિયમ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને હજુ પણ તેમની નિમણૂકની રાહ જોઈ રહ્યા છે,× બેન્ચે જણાવ્યું હતું.

બેન્ચે જણાવ્યું હતું કે કોલેજિયમ દ્વારા ફરીથી મોકલવામાં આવેલા નામો સહિત ભલામણ કરાયેલા નામોને ક્લીયર કરવામાં વિલંબને કારણે કેટલાક લોકોએ તેમની સંમતિ પાછી ખેંચી લીધી છે અને ન્યાયિક તંત્રએ એક પ્રતિષ્ઠિત વ્યક્તિને બેન્ચમાં સામેલ કરવાની તક ગુમાવી દીધી છે.

## પંજાબ શાંતિપ્રિય રાજ્ય, અહી લોકોમાં છે મજબુત ભાઈચારો, કોઈને શાંતિ ભંગ કરવા દેવામાં આવશે નહી: માન

ચંડીગઢ,તા.૧૨

પંજાબમાં તાજેતરની અપરાધિક ઘટનાઓ પર મુખ્યમંત્રી ભગવંત માને પોલીસને કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. ભગવંત માને કહ્યું કે આરોપીઓની શોધ કરી તેમને કડકમાં કડક સજા થવી જોઈએ. આપણું પંજાબ એક શાંતિપ્રિય રાજ્ય છે જ્યાં લોકોનો પરસ્પર ભાઈચારો ખૂબ જ મજબૂત છે. પંજાબની શાંતિને ખલેલ પહોંચાડવા માટે કોઈને મંજૂરી આપવામાં આવશે નહીં.

મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે રાજ્યની શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવા માટે સિવિલ અને પોલીસ અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે. અગાઉ, મુખ્યમંત્રીએ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ ગુરપુરબને ધ્યાનમાં રાખીને પંજાબ રાજભવન, ચંદીગઢ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે પંજાબમાં સાર્વત્રિક સૌહાર્દ અને બંધુત્વ જાળવી રાખવા ગુરુ સાહેબને પ્રાર્થના કરી.

સી.એમ. ભગવંત માન દ્વારા ડી.જી.પી સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. ડીજીપી (સ્પેશિયલ) સંજીવ કાલરાએ કહ્યું કે આ મીટિંગમાં કોટકપુરામાં બનેલી ઘટના પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઘટનાની સંપૂર્ણ વિગતો સી.એમ. કિંમત આપવામાં આવી હતી.

## તંત્રી લેખ

# બેવડા લાભની દાનત

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એ મતલબનું સોગંદનામું રજૂ કરીને પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરી દીધો કે મુસ્લિમ અને ઈસાઈ દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો ન આપી શકાય. આ સોગંદનામું આપતાં પહેલાં કેન્દ્ર સરકાર એક પંચની રચના પણ કરી ચૂકી છે, જે આ પ્રશ્ન પર પોતાનું મંતવ્ય આપશે કે દલિત સમાજના જે લોકોએ મુસ્લિમ અને ઈસાઈ ધર્મમાં ધર્માંતરણ કર્યું છે, તેમને અનુસૂચિત જાતિ રૂપે માન્યતા મળવી જોઈએ કે નહીં? આશા રાખીએ કે સુપ્રીમ કોર્ટ આ પંચના રિપોર્ટની રાહ જોશે. એ સાચું કે ભૂતકાળમાં કેટલાક પંચો એમ કહી ચૂક્યા છે કે ધર્માંતરણ કરીને ઈસાઈ અને મુસ્લિમ બની ગયેલા દલિતોને અનુસૂચિત જાતિ રૂપે ઓળખવા જોઈએ, પરંતુ એક તો તેમના નિષ્કર્ષ કંઈ આખરી નથી અને બીજું, એવું કરવામાં ઘણા બધા ખતરા છે. સૌથી મોટો ખતરો તો એ જ છે કે આવા લોકોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપી દેવામાં આવે તો છળ-બળથી થઈ રહેલી ધર્માંતરણની પ્રક્રિયાને ભારે બળ મળી શકે. ધ્યાન રહે કે ધર્માંતરણ એક પ્રકારે રાષ્ટ્રાંતરણ જ છે. મોટાભાગનાં ધર્માંતરણ છળ-કપટ અને લોભ-લાલચના સહારે જ થાય છે. સામાન્ય રીતે દલિતો, જનજાતિઓ અને નિર્ધન-વંચિત લોકોનું ધર્માંતરણ એમ કહીને કરાવવામાં આવે છે કે ઈસાઈયત અને ઈસ્લામમાં ના તો કોઈ પ્રકારનો જાતિવાદ છે અને ના જાતિભેદ!

જાતિભેદથી બચવાની આશામાં ધર્માંતરિત થનારા દલિતો બાદમાં એ જ જુએ છે કે જાતિવાદ તેમનો પીછો નથી છોડતો. તેમની સાથે દરેક પ્રકારના ભેદભાવ થાય છે. તેમને અલગ મસ્જિદો અને ગિરિજાઘરોમાં જવા માટે મજબૂર કરવામાં આવે છે. આ પ્રકારે તેમનાં કબ્રસ્તાન પણ અલગ કરી દેવામાં આવે છે. કેથોલિક ચર્ચે તો એ માન્યું પણ છે કે દલિતથી ઈસાઈ બનેલા લોકો સાથે ભેદભાવ કરવામાં આવે છે. આવો જ ભેદભાવ મુસ્લિમ બનેલા દલિત પણ વેઠી રહ્યા છે. સ્પષ્ટ છે કે એ દાવો નિતાંત ખોખલો છે કે ઈસ્લામ અને ઈસાઈયતમાં જાતિવાદ માટે કોઈ સ્થાન નથી. આશ્ચર્ય છે કે પોતાના સમાજમાં જાતિવાદ દૂર કરવાને બદલે ધર્માંતરિત દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની માંગ થઈ રહી છે! તેનો અર્થ છે કે બેવડા લાભ મેળવવાની કોશિશ થઈ રહી છે. એક, અનુસૂચિત જાતિ તરીકે અને બીજો, અલ્પસંખ્યક તરીકે! આ એક પ્રકારે એ દલિતોના અધિકારો પર તરાપ મારવાની જ કોશિશ છે, જેઓ કોઈ લોભ-લાલચ-દબાણને વશ થઈને ધર્માંતરિત નથી થયા. કાયદેસર તો ઈસાઈ અને મુસ્લિમ દલિત જેવી કોઈ સંજ્ઞા જ ન હોવી જોઈએ. કહેવું મુશ્કેલ છે કે આ મામલે સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ પ્રકારની માંગોથી ત્યારે જ બચી શકાય, જ્યારે જાતિ, ધર્મના આધાર પર વિશેષ અધિકાર પ્રદાન કરવાનો સિલસિલો અટકશે. બધાએ એ સમજવું પડશે કે દેશમાં બે જ જાતિઓ કે વર્ગ હોવા જોઈએ - એક અમીર અને બીજો ગરીબ.

# આન્યા મૃણાલ- પ્રકરણ ૧૫/ વિજય શાહ




"મૃણાલ આન્યાને હું તારા કોઈ જ શોખ કરવા દેવાનો નથી." તેણે તો મારો બિઝનેસ સંભાળવાનો છે.. તેના માટે ચિત્ર, લેખન અને સંગીત ત્રણેયનો બાધ છે." ઘરે પહોંચીને આન્યા અને દાદાજીને બહાર આઈસ્ક્રીમ ખાવા મોકલીને કૈરવે તોફાન શરુ કર્યુ.

"પણ કેમ?"

"એ મારી દીકરી છે માટે?"

"તો શું એ મારી દીકરી નથી.?"

"કહ્યું ને, ના એટલે ના." પુરુષ ઈગો વકર્યો હતો...

"કૈરવ, એ માત્ર તારી કે માત્ર મારી દીકરી છે એવી વહેંચણી કેમ? એ આપણી દીકરી છે અને અત્યારથી એ શું બનશે એ નક્કી કરવાવાળા આપણે કોણ? સાવ કુમળું ફૂલ છે એના પર અત્યારથી એના ભવિષ્યનો ભાર કેમ કૈરવ? અને એનું ભવિષ્ય નક્કી કરવાવાળાં આપણે કોણ? જો મા-બાપના કહ્યા મુજબ જ બાળકોનું ભવિષ્ય બંધાતુ હોત તો મારી મમ્મીએ પણ એવુ ઈચ્છ્યું હતું કે હું પપ્પા જેવી બનુ તો હું પણ એમ જ બની હોત ને?"

"સાચી વાત છે તારી મૃણાલ એ કુમળું ફૂલ છે માટે જ અત્યારથી એને આ બધા માહોલ વચ્ચે રાખવાની ક્યાં જરૂર? એ અત્યારથી જે જુવે એ જ શીખે ને? એને જે તરફ વાળો એમ વળે. આ ચારેબાજુ રંગોની રંગોળી વેરાયેલી જોયા કરે એટલે એના બાળમાનસ પર એ છવાતું જ જવાનું.. તારી મમ્મીએ ગમે તે વિચાર્યુ હશે પણ અંત તો એમની સાથે એમની આસપાસ રહીને તું પણ એ જ શીખી ને? એટલે મા બાપના વિચારવાથી કશું બને કે ન બને પણ સતત એ જ વાતાવરણમાં રહેવાથી તો બાળક એ જ શીખશે ને?"

"તો એમાં હું શું ખોટુ શીખી એ તો મને કહે. આ જ મૃણાલ હતી જેને તું પહેલા વાર મળ્યો હતો. આ જ મૃણાલ હતી જેને ફેશન ડિઝાઈનર તરીકે તેં હાયર કરી હતી. તેં એ વખતે કંઈક મારામાં જોયું હશે ને જેનાથી તારું ધ્યાન મારી પર કેન્દ્રિત થયું. એ વખતે મૃણાલને તો તું ઓળખતો પણ નહોતો ને? ત્યારે તું મૃણાલ તરફ નહીં પણ એની આવડત તરફ ખેંચાયો હતો ને? તો હવે કેમ આ બધું આપણી વચ્ચે આડે આવે છે? ખેર જવાદે એ બધો ભૂતકાળ કૈરવ, અત્યારે તો આપણે આન્યાની જ વાત કરીએ. અત્યારે તો આન્યાને એને એનું બાળપણ જીવી લેવા દે. બની શકે કે આજે અત્યારે એને આ અવનવી દુનિયા જાણવી માણવી ગમતી હોય પણ આવતી કાલે એ એના મિત્રવર્તુળમાં રહીને કંઈક અલગ જ વિચારવા માંડે."

"માટે જ, એ આજે આ વિચારે તો કાલે બીજુ કંઈ વિચારે એ પહેલા જ એણે શું બનવાનુ છે એ જ વિચારવા માંડે એ હિતાવહ છે. ઈઝ ધેટ ક્લિયર?"

"કૈરવ, આવો વિતંડાવાદ શાને? હું તો બધુ ભૂલીને આન્યા સાથે જ સમય ગાળવા માંગતી હતી ને? તેં કીધુ એ દિવસથી "જસ્ટ ફોર યુ" પર જવાનું ય બંધ કરી દીધુ હતુ ને? એનાં જન્મ પછી મેં આ બધુ વિસારે પાડી દીધું હતું ને? ક્યારેક તેં તો ક્યારેક પપ્પાજીએ કોઈ આઈડિયા આપ્યો અને એમાં મેં સાથ આપ્યો અને હજુ ય તું કહીશ તો આગળ આવા બીજા કોઈ પ્રોજેક્ટ આવશે એ નહી કરીએ."

"વાહ! મમ્મી જોયું? મેડમને કોઈ ઈચ્છા જ નહોતી આ તો મારા અને પપ્પા પર જાણે ઉપકાર કરતી હોય એવી વાત થઈ. બોલ્યા- તેં કીધુ એ દિવસથી "જસ્ટ ફોર યુ" પર જવાનુ ય બંધ કરી દીધુ હતુ ને? જન્મ પછી મેં ય આ બધુ વિસારે પાડી દીધુ હતુ ને? ક્યારેક તેં તો ક્યારેક પપ્પાજી એ કોઈ આઈડિયા આપ્યો અને એમાં મેં સાથ આપ્યો અને હજુ ય તું કહીશ તો આગળ આવા બીજા કોઈ પ્રોજેક્ટ આવશે એ નહી કરીએ." મૃણાલની મજાક ઉડાવતો હોય એમ મૃણાલની જેમ બોલ્યો..

"બસ કર મૃણાલ. આ મન મન ભાવે અને મૂંડી હલાવે એવુ મારી પાસે નહી ચાલે."

"કૈરવ, મને નથી ગમતું એવું કે માત્ર કોઈના કહેવાથી જ હું આ કરી રહી છું એવું હું ખોટું તો નહીં જ બોલું. ખોટો આડંબર કરતા મને આવડતું ય નથી. આન્યા મારો શ્વાસ ને પ્રાણ છે તો મારી કલા મારું વિશ્વ છે."

"સાંભળ્યુ મમ્મી? તેં ક્યારેય એક મ્યાનમાં બે તલવાર રહેલી જોઈ છે? આન્યા એમનો શ્વાસ ને પ્રાણ છે તો કલા એમનું વિશ્વ છે. બે ઘોડા પર સવારી કરવી છે એમને. આન્યાનાં ઓઠા હેઠળ લોકોની વાહ વાહ જીતવી છે. દૂધ અને દહીં બંનેમાં પગ રાખવોય છે અને સાથે એવુંય નાટક કરવું છે એ માત્ર એમની મરજીથી નથી કરી રહ્યાં."

કૈરવ જ્યારે જ્યારે ઉશ્કેરાતો ત્યારે સીધો તું પરથી તમે પર આવી જતો. મૃણાલને એની ખબર હતી અને સાથે એય ખબર હતી કે હવે કૈરવને શાંત પાડવો કેટલો અઘરો હતો. હવે તો કોઈ પણ જાતની દલીલ કરીને એને સમજાવવો કોઈ કાળે શક્ય બનવાનું નહોતું. માધવીબેન જે રીતે કૈરવનો ઉશ્કેરાટ નિરાંત ભાવે જોયા કરતા હતા એમાં તો એમના તરફથી પણ કૈરવને ઠંડો પાડવાની આશા રાખવી શક્ય દેખાતી નહોતી.

થાકી ગઈ હતી મૃણાલ. ક્યારેય એણે આવું જોયું તો શું જાણ્યું ય નહોતું .કૈરવ ક્યાંથી ક્યાં વાતને લઈ જતો હતો? એને શેનો વાંધો હતો એય સમજાતું નહોતું, બસ જાણે એક જીદ્દી બાળક જીદ પર આવીને અટક્યો હતો. મૃણાલની પ્રતિષ્ઠાને લઈને આ તોફાન આદર્યુ હોય એવી તો મૃણાલને કલ્પના સુદ્ધાં મનમાં આવતી નહોતી. પણ હવે એને લાગ્યુ કે આખી વાતનો, આ સમગ્ર ચર્ચાનો આન્યા પાછી આવે તે પહેલાં અંત આવે તો સારું.

"તો હું શું કરુ તો તને વિશ્વાસ આવશે કે મને મારું ઘર, તું અને મારી આન્યા જ મહત્વના છે. આ બધુ છોડી દેવામાં મને સાચે જ કોઈ અફસોસ નહી થાય કૈરવ."

"બસ તો છોડી દે આ જ ક્ષણથી. તારી જાતે જ બધું ફેંકી દે. ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી."

"એટલે?"

"કેમ ના સમજણ પડી શું કહેવા માંગુ છું? સીધે સાદી ગુજરાતીમાં તો કહી રહ્યો છું. ઉઠાવ આ બધુ અને ખાલી કરી નાખ .કશું જ ના જોઈએ આજથી આ ક્ષણથી આ ઘરમાં."

ભોંચક્કી બનેલી મૃણાલ કૈરવ સામે તાકી રહી. આ શું કહી રહ્યો હતો કૈરવ? આમાં તો આન્યાને પણ કશું લાગે વળગતું નહોતુ તેમ છતાં આન્યા માટે કશું પણ જતું કરવાની એની પૂરતી તૈયારી હતી. પણ આ કૈરવ તો સાવ છેલ્લે પાટલે બેસવાની વાત કરી રહ્યો હતો. મૃણાલને એનાં અસ્તિત્વથી છૂટી પાડી દેવાની વાત કરતો હતો. કેટલાય સમયથી આ રૂમ, આ સ્ટુડિયો હતો કે જેમાં એણે પગ પણ નહોતો મૂક્યો પણ એનું બધુ યથાવત હતું. હજુ પણ આ બધો અસબાબ એમ જ અકબંધ રાખીને ય એનાથી દૂર રહી શકાય ને? આન્યા આજે નહીં તો કાલે મોટી થઈ જશે એ પછી શરૂ કરવામાં શું વાંધો ? એમ તો માધવીબેન ક્યાં ઘર પકડીને બેસી રહેતા હતા? સામાજિક સમારંભોમાં કે પર્સનલ ગ્રુપમાં સમય આપતાં હતાં જ ને? તો પછી એ પોતે કેમ ફરી એની મનગમતી પ્રવૃત્તિ ન કરી શકે?

"જોયુ ને મમ્મી ! હાથીના દાંત બતાવવાના અને ચાવવાના જુદા છે. માત્ર બધુ છોડી દેવાની વાત કરવી છે પણ છોડવાની પહેલ નથી કરવી."

સ્તબ્ધ મૃણાલને હજુ શું બોલવુ એની સમજણ પડે એ પહેલાં જ કૈરવે બુમ મારી.. "રામજી પ..

અને રામજી આવે એ પહેલા એણે જાતે જ આગળ વધીને ઘરનાં એક રૂમમાં બનાવેલા સ્ટુડિયોમાંથી મૃણાલની ઈઝલ,કેન્વાસ,કલર્સ ઉપાડીને ફેંકવા માંડ્યું.

માધવીબેનનાં પેટમાં ટાઢકનો શેરડો રેડાયો હોય એમ રાજી થયા.. અને જોતજોતામાં રામજી આવે એ પહેલાં જ કૈરવે સ્ટુડિયોમાંની દરેક વસ્તુઓ ઉંચકીને કૈરવે ફેંકવા માંડી.

આઘાતથી સ્તબ્ધ મૃણાલ વિફરેલા કૈરવને જોઈ રહી ૫

આલેખન:વિજય શાહ

# ભાજપની કઠપૂતળી છે ચૂંટણી આયોગ, મુસલમાનોને ખુલેઆમ ધમકી અપાય છેઃ મેહબૂબા મુફ્તી

શ્રીનગર,તા.૧૨

હિમાચલ પ્રદેશની ૬૮ સીટો પર આજે ચૂંટણી થઈ છે એવામાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ચીફ મેહબૂબા મુફ્તીએ ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી આયોગ પર પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, ચૂંટણી આયોગ ભાજપની બ્રાન્ચ છે. ભાજપ હિમાચલ પ્રદેશ અને દેશના અન્ય હિસ્સામાં સાંપ્રદાયિક રાજનીતિ કરી રહી છે, પરંતુ ચૂંટણી આયોગ તેના પર ચૂપ છે.

મેહબૂબા મુફ્તીએ કહ્યું કે, પહેલા આપણો દેશ ચૂંટણી આયોગ પર ગર્વ કરતો હતો, પરંતુ હવે ચૂંટણી આયોગ માત્ર ભાજપની કઠપૂતળી બનીને રહી ગયું છે. તેમણે કહ્યું કે, ભાજપ જ્યારે ચૂંટણી આયોગને લીલી ઝંડી આપશે, ત્યારે જ જમ્મુ-કાશ્મીરમાં પણ ચૂંટણીની જાહેરાત થશે. વર્તમાન સરકાર અહી બધુ બાધિત કરી રહી છે. કાશ્મીરી પંડિત એટલા લાંબા સમયથી માગણી કરી રહ્યા છે કે જ્યાં સુધી કાશ્મીરમાં પરિસ્થિતિ સારી થઈ જતી નથી, ત્યાં સુધી તેઓ જમ્મુમાં સ્થળાંતરીત થઈ જાય છે, પરંતુ તેઓ (સરકાર) આવક, રાશન બંધ કરી દે છે.

મહબૂબા મુફ્તીએ કહ્યું કે, હિમાચલ પ્રદેશમાં જે પ્રકારે ધર્મના નામ પર ભાજપના પ્રચારક પ્રચાર કરી કરે છે અને ચૂંટણી આયોગ તમાશો જોઈ રહ્યું છે. દેશમાં મુસ્લિમોને ખુલ્લેઆમ ધમકી આપવામાં આવે છે અને ચૂંટણી આયોગ એકદમ ચૂપ છે.



મેહબૂબા મુફ્તીએ કહ્યું કે, ભાજપ વોટ હાંસલ કરવા માટે પોતાના સંઘર્ષનો ઉપયોગ કરે છે. ભારતનું ચૂંટણી આયોગ હવે ભાજપની એક શાખા બની ગયું છે. તે ચૂપ રહે છે. ચૂંટણી આયોગ પહેલાંની જેમ સ્વતંત્ર રહ્યું નથી. ચૂંટણી આયોગે ભાજપના ઈશારા પર જ ચૂંટણી કરાવી છે. તેમણે એમ પણ કહ્યું કે, ભાજપ કાશ્મીરી પંડિતોના સંઘર્ષનો ઉપયોગ વોટ હાંસલ કરવા માટે કરે છે.

ગત દિવસોમાં મેહબૂબા મુફ્તીએ જમ્મુને હિન્દુ મુખ્યમંત્રી આપવાના નિવેદન પર કહ્યું હતું કે, તેઓ કહે છે કે, જમ્મુને હિન્દુ મુખ્યમંત્રી આપીશું, પરંતુ અમે કહીએ છીએ કે હિન્દુ મુખ્યમંત્રી નહીં વડાપ્રધાન આપો.

તેમણે આગળ કહ્યું કે, અમે તો નથી જોયું કે જમ્મુમાં દૂધની નદીઓ વહી રહી હોય. સાથે કેન્દ્ર સરકાર પર નિશાનો સાધતા મેહબૂબા મુફ્તીએ કહ્યું હતું કે તેઓ કહેતા હતા કે, કલમ ૩૭૦ સમાપ્ત થઈ જતા જ બધી સમસ્યાઓ સમાપ્ત થઈ જશે, પરંતુ કોઈ પણ મુદ્દો હલ થયો નથી, પરંતુ આજે સૌથી વધુ બરબાદી જમ્મુમાં છે.

# મોંઘવારી માટે ૩ કારણો જવાબદાર : કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ, અને બજારની અનિશ્ચિતતાઃ કેન્દ્રીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ

મુંબઈ,તા.૧૨

કેન્દ્રીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ મોંઘવારી વધવાના કારણોનો ઉલ્લેખ કર્યો છે. આ સાથે તેમણે રૂપિયા, ડિજિટલ કરન્સી, વિદેશી મુદ્રા ભંડાર સહિત અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ પર વાત કરી હતી.

શક્તિકાંત દાસે કહ્યું કે, દુનિયાભરની અર્થવ્યવસ્થા તણાવના સમયમાંથી પસાર થઈ રહી છે. તેમણે આ સ્થિતિ માટે મુખ્યત્વે ૩ કારણોને જવાબદાર ગણાવ્યા છે. શક્તિકાંત દાસે કહ્યું કે, કોવિડ મહામારી, યુક્રેન-રશિયા યુદ્ધ અને નાણાકીય બજારને કારણે ઊભી થયેલી કટોકટીને કારણે ભારત સહિત દુનિયાની અર્થવ્યવસ્થા તણાવમાં છે. આરબીઆઈ ગવર્નરના જણાવ્યા પ્રમાણે હાલ દેશના જીડીપી ગ્રોથના આંકડા સાચા છે. ભારતનું અર્થતંત્ર વૈશ્વિક સ્તર કરતાં ઝડપથી વિકસી રહ્યું છે. ફુગાવાના આંકડા પણ હવે ધીરે ધીરે કાબૂમાં આવી રહ્યા છે.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે સપ્ટેમ્બરની તુલનામાં ઓક્ટોબરના ફુગાવાના આંકડા રાહતરૂપ બનશે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં રિટેલ ફુગાવો ૭ ટકાથી નીચે રહેવાની સંભાવના છે. સતત ત્રણ ત્રિમાસિક ગાળા માટે ફુગાવો ૬ ટકાથી ઉપર હોય તો તે નાણાકીય નીતિની નિષ્ફળતા છે.

આરબીઆઈ ગવર્નરે કહ્યું કે, દુનિયા બદલાઈ રહી છે, બિઝનેસ કરવાની રીત બદલાઈ રહી છે. તમારે સમય સાથે સમાયોજિત થવું પડશે. કાગળની નોટ છાપવામાં, છાપવાનો ખર્ચ, કાગળ ખરીદવા, લોજિસ્ટિક્સ, સ્ટોરેજ વગેરેમાં ખર્ચ વધારે છે. આગળ જતાં ડિજિટલ કરન્સી ઓછી મોંઘી થશે. આ સરહદ પારના વ્યવહારો અને સરહદ પારની ચુકવણી માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

# ચૂંટણી પહેલા એટીએસના ગુજરાતમાં ૧૩ જિલ્લામાં ૧૫૦થી વધારે સ્થળે દરોડા, ૯૦ની ધરપકડ

અમદાવાદ,તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા એટીએસએ મોટી કાર્યવાહી કરી છે. રાજ્યના ૧૩ જિલ્લામાં ૧૫૦ સ્થળોએ એટીએસના દરોડા ચાલી રહ્યા છે. શુક્રવારે મોડી રાતથી દરોડાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

ગુજરાત એટીએસ અને જીએસટી વિભાગ સંયુક્ત ઓપરેશન ચલાવી રહી છે અને અત્યાર સુધીમાં સુરત, અમદાવાદ, જામનગર, ભરૂચ અને ભાવનગર જેવા જિલ્લાઓમાં ૧૫૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડા આંતરરાષ્ટ્રીય માર્ગો પર ટેક્સ ચોરી અને નાણાંની લેવડ-દેવડને લઈને પાડવામાં આવી રહ્યા છે.

એક અહેવાલ મુજબ સાજિદ અજમલ શેખ અને શહજાદ નામના વ્યકિતઓ એટીએસની રડાર પર હતા અને આ બંને પર કેટલાંક દિવસોથી નજર રાખવામાં આવી રહી હતી. ATSએ શુક્રવારે સૌથી પહેલાં આ બંનેની ધરપકડ કરી હતી. તપાસમાં ખબર પડી કે સાજિદ અને શહજાદ આખા રાજ્યમાં ટ્ઝ્ ચોરીનું એક મોટું રેકેટ ચલાવતા હતા. આ મામલામાં કરોડા રૂપિયાની ટેક્સ ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. એવી આશંકા પણ દર્શાવવામાં આવી છે કે પકડાયેલા સાજિદ અને શહજાદના તાર PFI અને હવાલા રેકેટ સાથે જોડાયેલા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે અઢી સપ્તાહ બાકી છે. ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરના રોજ મતદાન થશે તે પહેલા ATS-GST વિભાગના દરોડાથી ચૂંટણી રાજ્યમાં ઉત્તેજના વધી છે. જોકે, આ મામલો ત્યારે જ ચૂંટણીનો મુદ્દો બની શકે છે જ્યારે એ સ્પષ્ટ થશે કે જેઓ પકડાયા છે તેઓ કોઈ રાજકારણી સાથે જોડાયેલા તો નથી ને. ચૂંટણીની ઉત્તેજનાઓ વચ્ચે શુક્રવારે આવકવેરા વિભાગે પણ ગુજરાતમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગે ભુજ, રાજકોટ અને ગાંધીધામમાં ૩૦ સ્થળોએ રેડ કરી હતી. આ દરોડા ફાયનાન્સ બ્રોકર અને રિઅલ એસ્ટેટ સાથે જોડાયેલા લોકોના સ્થળો પર પડ્યા હતા. શુક્રવારે જ ગુજરાત ATSએ એક ખાનગી માહિતીને આધારે દિલ્હીથી એક અફઘાન નાગરિકની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૮ કિ.ગ્રા હેરાઈન જપ્ત કરવામાં આવ્યું હતું. આંતરારાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૫૬ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

અધિકારીઓએ કહ્યું હતું કે દિલ્હીના લાજપત નગરમાં રહેતો અફઘાન નાગરિક હફમતુલ્લાહ ડ્રગ હેરફેર કરતી ગેંગનો સભ્ય છે. તેણે લગભગ ૫૦ કિલો હેરોઈન પાકિસ્તાનથી ગુજરાત થઈને દરિયાઈ માર્ગે ભારતમાં લાવવાનું કાવતરું ઘડ્યું હતું. ઓક્ટોબરમાં, આ કેસમાં, ગુજરાતના દરિયાકાંઠા નજીકથી બોટમાંથી છ લોકો ઝડપાયા હતા. ત્યારથી હકમતુલ્લાની શોધ ચાલી રહી હતી. અધિકારીઓએ જણાવ્યું કે હકમતુલ્લા છેલ્લા ચાર વર્ષથી પ્રવાસી વિઝા પર ભારતમાં રહેતો હતો.

# યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ : રશિયાની હાર 'નિશ્ચિત' છે.: બ્રિટનના પૂર્વ વડાપ્રધાન બોરિસ જોન્સન

લંડન,તા.૧૨

યુનાઈટેડ કિંગડમના ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જોન્સને એક કાર્યક્રમ દરમિયાન યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન તેણે ૩ એવી સ્થિતિઓ જણાવી છે જે આ યુદ્ધના અંત પછી સામે આવી શકે છે. તેમણે અનુમાન લગાવ્યું હતું કે આ યુદ્ધમાં રશિયા આખરે હારી જશે અને ચીનને તેનો સીધો ફાયદો થશે. આ યુદ્ધથી રશિયાની શસ્ત્રોની નિકાસ પણ પ્રભાવિત થશે. જહોન્સને ભારત અને બ્રિટનના સંબંધો અંગે પણ ખુલીને ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે ભારત અને બ્રિટનને સાથે મળીને ચાલવું પડશે, તે બંને દેશો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હકીકતમાં, બોરિસ જોન્સન હિન્દુસ્તાન ટાઈમ્સ લીડરશીપ

## પુતિનને કહ્યું કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના 'ગુંડા' છે

સમિટના છેલ્લા દિવસે સંબોધન કરતી વખતે બોલી રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

તાજેતરમાં યુકે પદ પરથી રાજીનામું આપનાર જહોન્સને ભારત અને બ્રિટન વચ્ચે પેન્ડિંગ ટ્રેડ એગ્રીમેન્ટ અંગે પણ ચર્ચા કરી હતી. તેણે કહ્યું કે જ્યારથી મેં ઓફિસ છોડી છે ત્યારથી તે કરાર કોલ્ડ સ્ટોરેજમાં ગયો છે. બોરિસે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધ અંગે ત્રણ ભવિષ્યવાણીઓ કરી છે. પ્રથમ ભવિષ્યવાણીમાં જહોન્સને કહ્યું હતું કે, પુતિન આ યુદ્ધમાં હારશે, તે દેશના લોકો તેમની દેશભક્તિથી સરળતાથી પરાજિત થશે. તમને જણાવી દઈએ કે યુકે તેમને સમર્થન કરવાનું ચાલુ રાખશે. આર્થિક, રાજકીય અને લશ્કરી રીતે. જ્યાં સુધી તે પોતાનો દેશ પાછો લઈ ગયો. જોહ્નસનને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને "પ્રચારના માસ્ટર" તરીકે પણ ઓળખાવ્યા હતા અને ચેતવણી આપી હતી કે તેઓ તેમની "નિર્ધારિત હાર" ને રશિયાની જીતમાં ફેરવશે અને રશિયન નાગરિકો વાર્તાને દૂર કરવાની અપેક્ષા રાખશે.

બીજી આગાહીમાં, તેમણે કહ્યું કે, રશિયાને લશ્કરી ઉપકરણોની નિકાસ પણ આનાથી ખરાબ રીતે પ્રભાવિત થશે. (યુક્રેનમાં) જે થઈ રહ્યું છે તે રશિયન શસ્ત્રોની ખૂબ જ ખરાબ જાહેરાત છે. આમાંથી ૬૦ ટકા મિસાઈલો નકામી બહાર આવી રહી છે.

તે મારી પ્રથમ ટેનિસ મેચ કરતાં ઓછી સચોટ છે. તે જ સમયે, રશિયન હથિયારોથી સજ્જ વાહનોની નીચે ચીનના ટાયર ફાટી રહ્યા છે.

ત્રીજી ભવિષ્યવાણીમાં તેણે આ યુદ્ધથી રશિયાને સૌથી મોટા નુકસાન વિશે જણાવ્યું. પુતિનની આ બરબાદીની ખોટી ગણતરી એશિયાની આસપાસના તમામ દેશોમાં તેને નબળી પાડશે અને ચીનને તેનો સીધો ફાયદો થશે, એમ તેમણે જણાવ્યું હતું. તમે સ્પષ્ટપણે જોઈ શકો છો કે તેની અસર ઉઝબેકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં જોવા મળી શકે છે. રશિયાએ પણ બજારમાં થયેલા નુકસાનની મજાક ઉડાવી હતી. જહોન્સને આ દરમિયાન પુતિનને કહ્યું કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના 'ગુંડા' છે

# બીસીસીઆઈ રોહિત, દ્રવિડ અને કોહલીને સવાલ કરશેઃસેમિફાઈનલમાં હાર મળ્યા પછી બોર્ડ રિવ્યૂ મીટિંગ કરશે,

મુંબઈ,તા.૧૨

ટી ૨૦ વર્લ્ડ કપના સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ૧૦ વિકેટે કારમી હાર મળ્યા પછી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (ફ્ઝ્રૈં) ધૂંઆપૂઆં થઈ ગયું છે. સ્પોર્ટ્સ પોર્ટલ 'ઈનસાઈડ સ્પોર્ટ'ના જણાવ્યા પ્રમાણે ફ્ઝ્રૈં હવે એક રિવ્યૂ મીટિંગમાં કોચ રાહુલ દ્રવિડ, કેપ્ટન રોહિત શર્મા અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીને સવાલો કરશે.

બીસીસીઆઈના સેક્રેટરી જય શાહ આ મીટિંગમાં ટીમ ઈન્ડિયાના ખરાબ પ્રદર્શનનું રિવ્યૂ કરશે. બોર્ડના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે તેઓ એક મીટિંગ કરશે. સેમિફાઈનલમાં હાર મળ્યા પછી ટીમમાં બદલાવની જરૂર છે. એટલે ભવિષ્યમાં ટીમમાં મોટા ફેરફારો કરવામાં આવી શકે છે. આ રિવ્યૂમાં ટીમની વાત પણ સાંભળવામાં આવશે. તેના વિના કોઈ નિર્ણય લેવામાં આવશે નહિ. એટલે જ આ રિવ્યૂ મીટિંગમાં કેપ્ટન રોહિત શર્મા, કોચ રાહુલ દ્રવિડ અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી હાજરી આપશે અને તેમના વિચારો જાણીને જ ભવિષ્યની ટીમ બનાવવામાં આવશે.

રિપોર્ટ્સ મુજબ બીસીસીઆઈ પણ સિલેક્શન કમિટીથી નારાજ છે. સિલેક્શન કમિટીના ચેરમેન પૂર્વ ઝડપી બોલર ચેતન શર્મા છે. આ બેઠકમાં સિલેક્શન કમિટીની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે. ચેતન શર્માને સિલેક્શન કમિટીના વડા પદેથી હટાવવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી થયું કે ચેતન પોતે પણ આ મીટિંગનો ભાગ બનશે કે નહીં.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001